


સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શિબિર : જીવનમાં સત્સંગના ચાર પાયા : માહાત્મ્ય-નિશ્ચય-આશરો-સેવા.**

**એકતાનગર, રાજપીપળા, નર્મદા : ૩ ડિસેમ્બર ૨૦૨૩**

**'તન,** મન, ધન પ્રભુના ચરણોમાં...' સમજીને ગાયું કે એમ ને એમ જ ગવાયું ? ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું ત્યારે ઈલૅક્શન થયું નહોતું, કારણ કે ભારત પ્રજાસત્તાક દેશ નહોતો. આપણું ભારતનું બંધારણ થયું નહોતું. ૧૯૫૦માં ભારતનું બંધારણ આવ્યું એટલે ૧૯૫૨માં પ્રથમ ઈલૅક્શન થયું. ૧૯૪૭થી ૧૯૫૨ સુધી કામચલાઉ સરકાર નિમાયેલી. મુંબઈ-મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્ય ભેગું હતું. મુંબઈ રાજ્યમાં ગુલઝારીલાલ નંદા મજૂર પ્રધાન હતા. નંદાજી શાસ્ત્રીજી મહારાજના અનન્ય ભક્તરાજ હતા અને શાસ્ત્રીજી મહારાજ માટે તેઓને અનહદ પ્રેમ ! એમના બંગલે શાસ્ત્રીજી મહારાજનો ઉતારો રહેતો. નંદાજી મિનિસ્ટર હતા એટલે એમના ઘરે બીજા ઘણા બધા મિનિસ્ટરો શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવતા. એ સૌને એમ થાય કે, નંદાજીના ગુરુ છે તો એમનાં દર્શન કરવા જઈએ. એમાં એક વખત મોરારજીભાઈ દેસાઈ પણ દર્શન કરવા આવ્યા.

ત્યારે શાસ્ત્રીજી મહારાજે બીમારી ગ્રહણ કરેલી એટલે તેઓ આરામ કરતા હતા, સૂતાં સૂતાં માળા ફેરવતા હતા. મોરારજીભાઈ દેસાઈએ પ્રશ્ન પૂછ્યો કે, 'સ્વામિનારાયણ સંપ્રદાયનો એક જાણીતો શબ્દ છે - સત્સંગ, તે 'સત્સંગ' એટલે શું ?' તો શાસ્ત્રીજી મહારાજ કહે, 'યોગીજી મહારાજ ઉત્તર કરશે.' યોગીજી મહારાજ તો અદ્‌ભુત અને અલૌકિક પુરુષ હતા ! તેઓ ગુણાતીતાનંદ સ્વામીની વાત બોલ્યા : 'સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી, સત્સંગ એટલે મોટા પુરુષને બે હાથ જોડવા અને તેઓ કહે એમ કરવું એ સત્સંગ.' યોગીજી મહારાજે એક વાક્યમાં કહ્યું કે, 'સત્સંગ એટલે મોટા પુરુષને બે હાથ જોડવા' અને બીજું વાક્ય કહ્યું, 'તેઓ કહે એમ કરવું એ સત્સંગ.'

અત્યારે તમે બોલ્યા, 'તન, મન, ધન પ્રભુના ચરણોમાં...' તો પહેલાં આપણું માઈન્ડ ક્લિયર હોવું જોઈએ. આપણે કોઈ પર્વતમાળા ચઢવી હોય તો ખબર હોય કે, પર્વત ઉપર ઑક્સિજન ઓછો થશે તો આવું આવું થશે. એમ, પ્રભુના થયા એટલે તન, મન, ધન પ્રભુને અર્પણ ! તન એટલે દેહ. આ દેહ કોણે આપ્યો છે ? પચાસ લાખ-એક કરોડ-પાંચ કરોડ-પચાસ કરોડમાં વેચાતું લઈ આવ્યાં છો ? તમારી ગાડી, તમારાં કપડાં, તમારાં ઘરેણાં વેચાતાં લાવ્યાં હશો, પણ કોઈ એમ કહી શકશે કે, આ શરીર હું વેચાતું લાવ્યો છું ? માનવદેહ એ ભગવાને આપેલી અમૂલ્ય અને અદ્‌ભુત ભેટ છે ! જેનું કોઈ મૂલ્ય ના કરી શકાય. તમારા મકાનની કિંમત થાય, સોનાની કિંમત થાય, ગાડીની કિંમત થાય, કપડાંની કિંમત થાય; પણ માનવદેહની કંઈ કિંમત થાય ? તે અમૂલ્ય છે !

કોઈ મર્સિડિઝ ગાડી લઈ આવે તો કેટલી કૅર કરે છે ? ઘણા તો સવારે ઊઠીને ગાડીની સાફસફાઈમાં લાગી જાય. સ્કૂલમાં ભણનારા છોકરાને નવી સાઈકલ લાવી આપો પછી જોજો, સવાર સવારમાં સાફ કરવા લાગશે. આપણે ગાડી લાવીએ તો એમાં જણાવ્યું હોય એવું જ ડિઝલ કે પૅટ્રોલનું ફ્યૂઅલ નાખીએ છીએ, એની કૅર કરીએ છીએ. ચલાવવામાં કાળજી રાખીએ છીએ કે ઘસરકો ના પડે, કોઈને અથડાઈ ના જાય. એવી જગ્યાએ પાર્ક કરીએ કે જ્યાં કોઈ ટક્કર ના મારી જાય. કેટલી કૅર કરીએ છીએ ! અને આ શરીર અમૂલ્ય છે, પણ જે આવે એ અંદર નાખીએ છીએ. પાણીપૂરી, સેવપૂરી, પાઉંભાજી, રગડાપેટીસ, પાન, તમાકુ, ગમે ત્યાં પાણી પીએ છીએ, ગમે ત્યાં ખાઈએ છીએ; કારણ કે, આ મફતમાં આવેલી વસ્તુ છે. માનવજીવનની મોટામાં મોટી જો કમનસીબી હોય તો મોંઘામાં મોંઘી વસ્તુ મફતમાં આપો તો એની કિંમત નહીં, કારણ કે મફતમાં મળી છે. માનવ દેહ મફતમાં મળ્યો છે માટે એની કિંમત નથી. એટલે સ્વામી વિવેકાનંદ બોલ્યા, 'હે યુવાનો જાગો ! ઊઠો !' એટલે શું સામે બધાં માણસો ઊંઘતાં હશે ? ઝોકાં ખાતા હશે ? એટલે એમને ઉઠાડ્યા ? ના, જે ધ્યેય નક્કી કર્યું છે, તે ધ્યેય તરફ - બીજે બધે ડાફોળિયાં માર્યા વગર દોડે ; એ જાગ્યો કહેવાય.

ડૉક્ટર થવું હોય તો એનું સ્થાન કૉલેજમાં, લાઈબ્રેરીમાં કે પોતાના ઘરે રૂમમાં વાંચવામાં હોય. પણ કોઈ છોકરો પાનના ગલ્લે ઊભો હોય અને કહે, આપણે તો ડૉક્ટર થવાના છીએ. ત્યારે આપણને થાય કે, ડૉક્ટર થવું છે એવું જે ધ્યેય નક્કી કર્યું છે એ ધ્યેય પર પહોંચવા માટે ગંભીરતા નથી, એ ધ્યેય પ્રાપ્ત કરવા માટે એ કશું કરતો નથી એટલે ધ્યેય સુધી એ પહોંચી નહિ શકે. એટલે સ્વામી વિવેકાનંદે કહ્યું, 'જાગો !' એમ, મારે મારા ગુરુ અને ઈષ્ટદેવને રાજી કરવા છે એ ધ્યેયને જો સિદ્ધ કરવું હોય તો તન, મન, ધન પ્રભુના ચરણોમાં અર્પણ... આ દેહ એમના અર્થે કુરબાન છે, આ દેહ એમના માટે જ, એમની સેવામાં વાપરવું છે, તેઓ રાજી થાય એમાં જ વાપરવું છે. તેઓ રાજી થાય ત્યાં જ લઈ જવું છે, તેઓ રાજી ના થાય ત્યાં જવું પણ નથી. આ એમને દેહ અર્પણ કર્યો કહેવાય.


આ દેહના માલિક પ્રભુ છે. એમના માટે દેહ વાપરવો છે. ભગવાને આપેલો દેહ, ભગવાન રાજી થાય એમ વાપરવો છે, ભગવાન રાજી થાય એવું કામ એના દ્વારા કરવું છે – એ ભગવાનને ચરણે દેહ ધર્યો કહેવાય. યાદ રાખજો આ વાક્ય : મારો દેહ પ્રભુને અર્થે છે. એ ખોટો વપરાય જ નહીં. ખોટી જગ્યાએ એને લઈ જ ના જવાય. એનાથી ખોટાં કાર્યો થાય જ નહીં, થાય તો પસ્તાવો થાય. યાદ રાખો, નહીં થાય એવું નહીં બને. તમને નિષ્કપટભાવે કહીએ તો અમેય સાધના કરતા કરતા લપસ્યા છીએ, પણ ત્યાં ને ત્યાં પડ્યા ના રહ્યા. ગુરુ ઉપર પરમ શ્રદ્ધા કે, નવડાવી, ધોવડાવી ચોખ્ખા કરનારા તેઓ છે, તો એમના અર્થે જીવન જીવવું છે.

કોઈ ફ્લૉરિંગ એટલું બધું લીસ્સું હોય છે કે પાણી પડ્યું હોય તો દેખાય નહીં અને તમે લપસી પડો. પણ તમે કંઈ ત્યાં પડ્યા રહો ? ફટ દઈને ઊભાં થઈ કપડાં બદલી નાખો. એમ, તમે સાધના કરતા હોવ તો પણ તમે લપસી પડો. ઋષિ-મુનિઓએ વાક્ય આપ્યું, 'નિશાનચૂક માફ, નહિ માફ નહિ નિશાન' એટલે જેણે નિશાન નક્કી કર્યું હોય, ધ્યેય નક્કી કર્યું હોય, પણ એ ચૂકી જાય તો એને માફ કરી શકાય, કારણ કે એ પ્રૅક્ટિસ કરશે તો ફરી નિશાન પર આવી જશે. પણ જેને નિશાન જ નથી, કોઈ ધ્યેય જ નથી ને જીવન જીવે છે એ માફ ના થાય. ભગવાનને રાજી કરવા માટે નીકળેલો સાધુ કે ભક્ત લપસી પડે, કંઈ ખોટું થઈ જાય; પણ ભગવાનને રાજી કરવાના ધ્યેય માટે નીકળ્યો છે એટલે પશ્ચાત્તાપ થતાં ભગવાન એને માફ કરી દે છે. પણ જેને ધ્યેય જ નથી એને કોઈ માફ નહીં કરે, કારણ કે ધ્યેય વગર તો રખડતું-હરાયું ઢોર થઈ જાય, પછી જે હોય એ ડફણાં મારે. એટલે આપણે ધ્યેય નક્કી કર્યું તન, મન, ધન પ્રભુના ચરણે ! આ મારો દેહ પ્રભુનો છે અને મારું મન પણ.

યોગીબાપા એક દાખલો આપતા. અષ્ટાવક્ર ઋષિ હતા. સીતાજીના પિતાજી જનકની પરંપરામાં જે રાજાઓ થયા એ બધા 'જનક' કહેવાતા. અત્યારે જેમ અટક કહેવાય તેમ જનક કહેવાય. એ જનક રાજાએ અષ્ટાવક્ર ઋષિને પારાયણ કરવા બોલાવ્યા. અષ્ટાવક્ર ઋષિનું પારાયણ ચાલુ હતું, સભા ભરાઈ હતી અને એમાં જનક રાજાને કંઈ કામ યાદ આવ્યું તેથી ઊભા થઈને બહાર ચાલવા માંડ્યા. એટલે અષ્ટાવક્ર ઋષિ કહે, 'જનક, આમ તો કહે છે કે, મન તમને સોંપ્યું છે, તો પૂછ્યું મને ? ઊભા કેમ થયા ? બેસી જાઓ.' જનક તો રાજા હતા, એમની પ્રજા હતી, એ સભામાં પ્રજાની વચ્ચે ગુરુએ રાજાને ટપાર્યા. આપણને ગુરુ આવું કહે તો તમ્મર ચઢી જાય કે ના ચઢી જાય ? એમ કહીએ કે, 'ભલા માણસ, એકલો હોઉં ત્યારે લઢો, આ મારી પ્રજાની વચ્ચે કેમ લઢો છો ?' પણ તેઓ શાંત રહ્યા અને તરત ગુરુની આજ્ઞા પાળીને બેસી ગયા. જનક રાજા કહે, 'મેં મારું મન, દેહ ગુરુને સોંપી દીધું છે. તેઓ જેમ આજ્ઞા કરે તેમ વાપરવું છે. મન એમનું જ મનન કરે, એમની જ આજ્ઞા પ્રમાણે જીવવું છે.' આ તો બધાની વચ્ચે મને ટોક્યો ? બધાની વચ્ચે મને આવું કહ્યું ? એવું કંઈ બોલે નહીં ને સહન કરે.

હવે સિવિલાઈઝ્ડ થયેલા માણસોને મોટામાં મોટો કોઈ રોગ લાગુ પડ્યો હોય તો તે ટૅન્શનનો. ના કહેવાય, ના રહેવાય અને ના સહેવાય. બોલે નહીં પણ અંદર બધું બખડજંતર ચાલતું હોય, અંદર મન કુસ્તી કરતું હોય, અને પછી મગજ ઉપર ચઢી જાય. પણ, 'ધન્ય છે મારા ગુરુને કે, મારા પર આટલો હક્ક કરીને તેઓ મને વઢ્યા !' એવું જે થાય એ ગુરુને મન સોંપ્યું કહેવાય. બાપા કહે, 'પોતાના ગુરુ અષ્ટાવક્ર માટે રાજાપણું છૂટી ગયું એટલે જનક 'વિદેહી' કહેવાયા.' રાજા હોવા છતાં પણ રાજ કરતા નહોતા.

**આપણા મંડળમાં, આપણા ઘરમાં,**
**આપણા સત્સંગમાં**
**સંતો ને ભક્તોનું માહાત્મ્ય**
**ગવાય એટલું ગાવ.**





**ગુરુ આગળ નિષ્કપટ થવું, અને નિષ્કપટ ના થવાય તો પ્રભુની મૂર્તિ આગળ બેસીને પ્રાર્થના કરો કે, પ્રભુએ આપેલો અમૂલ્ય ને મોંઘો દેહ તમને રાજી કરવા સિવાય, તમારા થઈને જીવન જીવવા સિવાય વાપરવો નથી. છતાં ભૂલ થઈ જાય છે તો માફ કરો, બળ આપો.**

બે બ્રાહ્મણો જનક રાજાની મિથિલા નગરીમાં આવ્યા. એમને થયું, રાજા આટલું સરસ રાજ કરે છે, ગુનેગારોને સજા કરે છે, એમને રાણીઓ છે, છોકરાં છે, આટલું બધું બખડજંતર છે ને છતાં એમને 'વિદેહી' કેમ કહે છે? જ્યારે આપણે તો સંસાર છોડીને બેઠા છીએ તો પણ આપણને કોઈ વિદેહી કહેતા નથી અને આમને વિદેહી કહે છે, તો એવું તો એમણે શું કર્યું છે ? જનક રાજાની સભા ભરાઈને બેઠી હતી. પેલા બ્રાહ્મણોને થયું, ચાલો આપણે જનક રાજાને પ્રશ્ન પૂછીએ, એટલે તેઓ સભામાં આવ્યા. સભામાં જાહેરાત થઈ કે, 'વિદ્વાન બ્રાહ્મણો, સંતો આવ્યા છે એમને પ્રશ્ન છે.' બ્રાહ્મણો કહે, 'હે રાજન ! અમે તમારા રાજ્યમાં આવ્યા ત્યારથી સાંભળીએ છીએ કે, અમારા રાજા 'વિદેહી' છે. રાજ્ય કરવા છતાં અકર્તા છે ! કશું એમને લાગતું-વળગતું નથી. તો એવું તો તમે શું કર્યું છે કે તમને 'વિદેહી' કહે છે ? તમે કેવી રીતે વિદેહી કહેવાયા? બધું જોઈએ છીએ, આંખે દેખાય છે, પણ આવું કેવીરીતે માનીએ ?'

બ્રાહ્મણનો આ પ્રશ્ન સાંભળી, રાજાએ તાળી પાડી એટલે ભાલા લઈને બે સૈનિકો હાજર થઈ ગયા. જનક રાજાએ કહ્યું, 'આ બેઉને પકડી લો અને બે દિવસ પછી એમને ફાંસીએ ચઢાવી દેજો.' પેલા બેઉ બ્રાહ્મણો તો ફફડી ગયા. થયું, આપણે ખોટી જગ્યાએ ભરવાઈ ગયા. દિવાનને સૂચના આપી હતી કે, 'આ બે બ્રાહ્મણોને સારામાં સારો ઉતારો આપજો, બે દિવસ એમનું લાલનપાલન કરજો અને ભાતભાતનું જમાડજો.' હવે કોઈને બે દિવસ પછી મરવાનું હોય તો કંઈ ભાવે ? પેલા બ્રાહ્મણો તો નિરાશ થઈને બેઠા. એમને થયું, રાજાને ક્યાં આવો પ્રશ્ન પૂછ્યો ? આપણે તો નહીં લેવા-દેવા વગર જિંદગી ખોઈ બેસીશું. તો આપણે રાજા પાસે જઈને માફી માંગીએ. એટલે એમણે રાજાને સંદેશો મોકલાવ્યો કે, અમારે આપને મળવું છે. રાજાએ ત્રણ દિવસે પાછા તેમને દરબારમાં બોલાવ્યા. સભામાં બ્રાહ્મણો કહે, 'રાજાજી અમારી ભૂલ થઈ ગઈ. આવો પ્રશ્ન પૂછીને અમે તમારું અપમાન કર્યું, અમને માફ કરી દો.' રાજા કહે, 'એક શરતે માફ કરું. તમારા બંનેના હાથમાં તેલથી છલોછલ ભરેલી એક-એક કટોરી આપશે. એ લઈને તમારે અમારી જે મુખ્ય સ્ટ્રીટ છે એની પર ગોળ ફરીને પાછું રાજમહેલમાં આવવાનું. પાછળ બે ખુલ્લી તલવારે સૈનિકો હશે. જો કટોરીમાંથી તેલનું એક પણ ટીપું નીચે પડ્યું તો ત્યાં જ માથું ડુલ. અને તેલનું ટીપું ના પડે એમ તમે કટોરી લઈને પાછા હેમખેમ આવો તો તમારો ગુનો માફ.' એટલે એ બેઉને થયું, ચાલો, આ અજમાવીએ. રાજાની આજ્ઞા હતી એટલે શહેરની આખી સ્ટ્રીટને સરસ રીતના શણગારી. ફૂટપાથ ઉપર ડાન્સ ચાલે, ગીત વાગે. પણ આ બે જણાએ કંઈ જોયું નહીં અને હેમખેમ દરબારમાં પાછા આવ્યા. એટલે રાજા કહે, 'તમારો જવાબ તમને મળી ગયો ને !' બ્રાહ્મણો કહે, 'મહારાજ, અમે તો માંડ માંડ તપેલી લઈને પાછા આવ્યા.' રાજા કહે, 'તમે અમારી સ્ટ્રીટમાં ફર્યા, ડાન્સ ચાલતા હતા, રોશની હતી, ભાતભાતની દુકાનો શણગારી હતી, એ બધું તમે જોયું ને ?' ત્યારે પેલા કહે, 'અમારું ધ્યાન તો કટોરીમાંથી તેલનું ટીપું નીચે ના પડે તેમાં જ હતું. અમે બધે ફરીને આવ્યા, પણ તેલ સિવાય બીજું કશું અમે જોયું નથી. અમારું મોત અને તેલ. એટલે જનક રાજા કહે, 'હું પણ હરેક કાર્યમાં મારા પ્રભુ સિવાય કંઈ જોતો નથી – એ જનક વિદેહી.'

આ વિદેહી અવસ્થા ! સંસારમાં રહેવા છતાં સંસારથી અલુપ્ત. આ જે બધું છે એ મારું નથી, મારા પ્રભુનું છે; એ ધન સમર્પિત થયું કહેવાય. પ્રભુના કાર્ય માટે, પ્રભુના ભક્તો માટે, સંતોની આજ્ઞાથી છૂટ્ટું વાપરવાનું. વાપરવાનું આપણે જ છે, યાદ રાખો. યોગીજી મહારાજ કહેતા, 'શિર અર્પ્યા વિના શ્યામ રિઝશે નહીં.' માથું આપ્યા સિવાય ભગવાન કદી રાજી ના થાય. આ સંતો પર પ્રભુ એટલે રાજી છે કે તેઓ માથું આપીને બેઠા છે. એટલે શું ધડથી માથું જુદું કરવાનું ? ના, 'હું તમારો ને તમે મારા !' એટલું કરો એ અર્પણ કર્યું. બાપા કહેતા, બધાનાં માથાં લઈએ તો સેવા કોણ કરશે ? પણ ભાવ કરવાનો છે કે, 'પ્રભુ હું તમારો છું, આ દેહ તમારા અર્થે કૃષ્ણાર્પણ છે.' એટલે તેઓ રાજી થાય એમાં જ તે વપરાય, તેઓ રાજી ના થાય એમાં વાપરી જ ના શકીએ એ બૃહદ વૈરાગ્ય ! બીજે વપરાય છે તો વૈરાગ્ય ઓછો છે, એને મઠારતા જવાનું. એ રાજી ના થાય એવું કામ થાય છે, રાજી ના થાય એવું બોલાય છે, સંભળાય છે, જોવાય છે, એ રાજી ના થાય એવી જગ્યાએ દેહને લઈ જઈએ છીએ અને વાપરીએ છીએ; એ

આપણને ખબર છે; તો ગભરાવું નથી, યાદ રાખો ! ધ્યેય નક્કી કરનાર માણસ ધ્યેય સુધી પહોંચતાં ભૂલ કરશે, એને સાધનામાં સ્ખલન થશે તો ભગવાન એને માફ કરશે. નિશાન ચૂક માફ ! પણ એણે અંતરદૃષ્ટિ કરીને પ્રાર્થના કરવી પડે કે, પ્રભુ માફ કરજો ! પણ એનું જોનાર દુ:ખી થશે, યાદ રાખો ! હમણાં મેં વાત કરી હતી તેમ, પેલા યુવાન સાધુએ છોકરીને ખભે ઊંચકીને નદી પાર કરી કિનારે ઉતારી દીધી. પણ, સાથેના સાધુએ ગુરુને ફરિયાદ કરી કે, 'આણે છોકરીને ઊંચકીને નદી પાર કરાવી કિનારે ઉતારી.' ત્યારે ગુરુ કહે, 'એણે તો છોકરીને કિનારે મૂકી દીધી, પણ ત્યાંથી ઊંચકીને તું અહીં આશ્રમમાં લઈ આવ્યો, તેં એની નિંદા કરી એટલે હવે તું બે ઉપવાસ કર.' કોઈ લપસ્યા હોય એની વાતો ઘણા કર્યા કરે. અરે એ તો એમાંથી બહાર નીકળી ગયો, પણ તું હજુ ત્યાં ને ત્યાં જ હલવાયો છું. એટલે એવું નહીં કરવાનું. કોઈના દોષ, કોઈની ભૂલ, કોઈના સ્ખલન ઉપર તમે જો ફોકસ કરશો, એની ચાડિયાપણું કરશો તો તમે એની એ જ જગ્યાએ ઊભા રહ્યા છો, તમે આગળ નહીં વધો. પેલો તો આગળ નીકળી ગયો હશે. કોઈને વિશે માથાકૂટ, ભાવફેર થાય તો એને સંભારીને અને પછી મગજમાં ચલાવ્યા કરો તો તમે સાધનામાં આગળ નહીં જાવ.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'આપણો સત્સંગ પ્રગતિ કરતાં ચૈતન્યોનો છે.' આજે છે એના કરતાં તેઓ કાલે ચાર પગલાં આગળ ગયેલાં છે. આજે તમે જે જગ્યાએ ઊભા છો એ જગ્યાએ કાલે નહીં હોવ, આગળ હશો. અને તમે હજુ ત્યાં જ જોયા કરશો તો એનો અર્થ કે, તમે ત્યાંના ત્યાં જ છો. એટલે કહ્યું કે, કોઈના દોષ જોવા નહીં, સાંભળવા નહીં. જેને આધ્યાત્મિકતાની ખબર છે, જેને આધ્યાત્મિક ઉત્થાન કરવું છે, જેને ભગવાનને રાજી કરવાના ધ્યેય પર પહોંચવું છે; એને આ પાયો પકડવો જ પડશે. ગુણાતીતાનંદ સ્વામી, યોગીજી મહારાજ જેવા દિવ્ય પુરુષે જે વાત કરી છે એ આપણા આત્માના, ઇન્દ્રિયો-અંતઃકરણના સીમાડા જોઈને કરેલી વાતો છે. સાયન્ટિસ્ટોએ કહ્યું કે, 'ઇલેક્ટ્રિકના વાયરને અડશો તો કરંટ લાગશે. અને કરંટ લાગશે તો મરી જશો.' પછી કોઈ એનો પ્રયોગ કરવા ગયા કે, આ કોઈ ગપ્પાં તો નથી મારતાંને ? એવું કોઈ નહીં કરે. એમ, આ પણ આધ્યાત્મિક રીતે મરવાના ધંધા છે, માર ખાવાના ધંધા છે; એમાં પડશો જ નહીં.

આપણા મંડળમાં, આપણા ઘરમાં, આપણા સત્સંગમાં સંતો ને ભક્તોનું માહાત્મ્ય ગવાય એટલું ગાવ. અને આ દેહ, તન, મન, ધન હરિના ચરણે... આ દેહ ભગવાનના અર્થે કૃષ્ણાર્પણ કરવું છે. અહીં બેઠાં છીએ તે આપણે સૌએ અને બીજાં સત્સંગમાં છે પણ અહીં નથી આવી શક્યાં એ બધાંએ આ દેહ ભગવાનને ચરણે ધર્યું છે. એટલે એનાથી ખોટું કામ થાય તો પશ્ચાત્તાપ, પરિતાપરૂપી પ્રાર્થના કરવી. અથવા તો ગુરુ આગળ નિષ્કપટ થવું, અને નિષ્કપટ ના થવાય તો પ્રભુની મૂર્તિ આગળ બેસીને પ્રાર્થના કરો કે, પ્રભુએ આપેલો અમૂલ્ય ને મોંઘો દેહ તમને રાજી કરવા સિવાય, તમારા થઈને જીવન જીવવા સિવાય વાપરવો નથી. છતાં ભૂલ થઈ જાય છે તો માફ કરો, માફ કરો, માફ કરો. બળ આપો, બળ આપો, બળ આપો. કચકચાવીને પ્રાર્થના કરજો, પછી જોજો તમારું અદ્‌ભુત કામ થશે, યાદ રાખો !

મન પ્રભુની મૂર્તિમાં ! તેઓ રાજી થાય એવાં જ વિચાર, મનન, ચિંતવન કરવાં છે, ના થાય ત્યાં પ્રાર્થના-ભજન કરવાં છે. એટલે અડધો કલાકની ધૂન કરવાનું કહ્યું છે. અને ભગવાને માનવદેહ આપ્યો છે, એમાં બધી શક્તિઓ, હોશિયારી, આવડત-સ્કિલ્સ ભગવાને આપી છે. એનો ઉપયોગ કરીને જે ધન પ્રાપ્ત થાય છે તે ભગવાનનું છે, ભગવાને આપ્યું છે, આપણું નથી. પણ, ભગવાન એટલા દયાળુ, ઉદાર છે કે, આપણને વાપરવાની ના નથી કહેતા; પણ જ્યારે ભગવાનનું કાર્ય હોય ત્યારે એના માટે પણ છૂટ્ટા હાથે વાપરો. ધન એમ ને એમ કમાવાતું નથી, બુદ્ધિ, આવડત, હોશિયારી, સમય, ફેમિલીનો ભોગ બધું આપીને એ પ્રાપ્ત થતું હોય છે. પણ એ ધન ભગવાનના કાર્યમાં જ્યારે વાપરવાનું હોય ત્યારે છૂટ્ટું મૂકી દેવું છે, આપણે માલિક નથી થવું; એ ભગવાનને અર્થે સમર્પિત થયા કહેવાય. અને ત્યારે આ 'તન, મન, ધન હરિના ચરણે...' આ ગાયું બરોબર થાય.

આપણે ખાસ ધ્યાન રાખીએ કે, પ્રભુએ આ અમૂલ્ય, મોંઘામાં મોંઘો માનવદેહ આપ્યો છે, એનાથી કલ્યાણ કરી લેવું છે. છતી દેહે અક્ષરધામનાં

**મન પ્રભુની મૂર્તિમાં !**
**તેઓ રાજી થાય એવાં જ**
**વિચાર, મનન, ચિંતવન કરવાં છે,**
**ના થાય ત્યાં પ્રાર્થના-ભજન કરવાં.**





**ધન ભગવાનના કાર્યમાં**
**જ્યારે વાપરવાનું હોય ત્યારે છૂટ્ટું મૂકી દેવું.**
**આપણે માલિક નથી થવું;**
**એ ભગવાનને અર્થે સમર્પિત થયા કહેવાય.**

સુખ, શાંતિ ને આનંદ ભોગવવાનો અદ્‌ભુત મોકો ને અદ્‌ભુત તક મળી છે એ વેડફાઈ ના જાય એની જાગ્રતતા રહે એટલે આ બધા સંતો દાખડો કરે છે. બાકી, આપણી સાથે રહીને એમને શો સ્વાર્થ છે ? પણ આપણે આ માનવ દેહથી આપણું ધ્યેય સિદ્ધ કરીએ. છતી દેહે આવી તક પ્રાપ્ત થઈ છે. સારા ઘરે જન્મ મળ્યો, મા-બાપે સારા સંસ્કાર આપ્યા અને ભગવાનની કૃપાથી આ સંતોનો યોગ થયો; તો આવો મેળ પડી ગયો છે તો એનાથી કાર્ય સિદ્ધ કરી લેવું જોઈએ. એવી જાગ્રતતા રહે એ માટે આવી શિબિરો, સભાઓ, સમૈયા-ઉત્સવ વારંવાર કરાવે છે. યોગીજી મહારાજ અને શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ કહેતા કે, વારેવારે હરિભક્તોને બોલાવીને સમૈયા-ઉત્સવ કરીએ છીએ તો ભીડામાં લઈને સ્વભાવ, પ્રકૃતિ રહિત બનાવવા છે.

અત્યારે તો ભીડો જ નથી. પહેલાંના વખતમાં તો ખાવાનો, રહેવાનો બહુ ભીડો હતો. અમે વલ્લભવિદ્યાનગરથી ગોંડલ સમૈયામાં ૪૦-૫૦ છોકરાઓ જતા. ૧૨x૧૨ની એક રૂમ મળે. અને ગાદલાં લેવા જઈએ તો પૂછે, 'કેટલા વ્યક્તિ છો ?' આપણે કહીએ, '૫૦' તો કહે, '૧૦ ગાદલાં લઈ જાવ.' ૧૦ ગાદલાંમાં ૫૦ જણ કેવી રીતે સૂઈ જાય ? ત્યારે યોગીજી મહારાજ અમને ગણિત શિખવાડતા કે, 'સુહૃદભાવ રાખવો.' સુહૃદભાવ એટલે શું ? એની બાપા પોતે વ્યાખ્યા કરતા કે, 'સુહૃદભાવ એટલે ૫૦ જણ હોઈએ અને સૂવા માટે ૧૦ ગાદલાં આપે તોય બે ગાદલાં વધે એનું નામ સુહૃદભાવ.' આવું કેવી રીતે શક્ય બને ? તો, ૫૦ જણ હોય એને લાઈન પાડીને ગાદલાં આપીએ. ૫૦ જણને ખબર છે કે, ગાદલાં તો ૧૦ જ છે. એટલે જે આવે એ કહે કે, 'હું તો ગાદલામાં સૂતો નથી, હું તો નીચે શેતરંજી પર જ સૂઈ જઉં છું. માટે મારે ગાદલાની જરૂર નથી.' ૪૨ જણ ગાદલાંમાં ના સૂતા હોય અને મોટી ઉંમરવાળા આઠ જ જણ ગાદલાં પર સૂતા હોય તો એને ગાદલાં આપો તો બે ગાદલાં વધે કે ના વધે ? એનું નામ સુહૃદભાવ. આવા ભીડામાં બાપા સત્સંગ કરાવતા.

'ભીડા' શબ્દનો અર્થ જે ઍન્જિનિયરિંગની લાઈનના હશે એને ખબર હશે. નટ-બોલ્ટ ચવ્વડ જેવાં થઈ ગયાં હોય, એકદમ કાટ ચઢી ગયો હોય, એને તમે સામાન્ય પક્કડથી ખોલવા જાવ તો ખૂલે નહીં, છૂટાં જ ના પડે. એના માટે 'ભીડો' કરીને એક સાધન આવે છે. એમાં બોલ્ટ પકડાવીને બરાબર ફીટ કરી નાખે. પછી નટને ફેરવો એટલે નટ-બોલ્ટના આંટા છૂટા પડી જાય. એમ, ચવ્વડ જેવી પ્રકૃતિ-સ્વભાવ છૂટે નહીં, પણ આપણને ભેગા કરીને, અથડાવીને એવી ચવ્વડ જેવી પ્રકૃતિ ને સ્વભાવને છૂટાં પાડી દે છે. સમૈયા-ઉત્સવમાં બોલાવીને ભગવાન આપણું આંતરિક પરિવર્તન કરતા હોય છે. આપણે જાગ્રતતા એટલી જ રાખવાની કે, કોઈનું જોવું નહીં, કોઈના દોષ ના જોવા, કોઈની ખોટી વાત સાંભળવી નહીં, કોઈની ટીકા-ટિપ્પણ કરવી નહીં. બાકી, અંદરનો બધો પ્યૉરિફિકેશન પ્લાન્ટ છે એ ચાલ્યા જ કરશે.

દેહ ભગવાનને અર્થે સમર્પિત કર્યો છે એટલે અહીંથી નક્કી કરીને જઈએ કે, આ દેહે કરીને પ્રભુ રાજી થાય એવી આપણે પ્રવૃત્તિ કરીએ. આપ રાજી થાવ એવી જગ્યાએ જઉં, આપ રાજી થાવ એવાં કાર્ય કરું, આપ રાજી થાવ એવું અંદર નાખવું છે, બહાર જોવું છે. એ દેહને ભગવાનને અર્થે સમર્પિત કર્યો કહેવાય. અને મનથી પણ એક તમારા થઈને જ જીવન જીવવાનું અનુસંધાન રખાય. ધન એ આપે આપેલી મૂડી છે. આપે આપેલ આવડત, હોશિયારીથી પ્રાપ્ત થયેલું ધન પણ હે પ્રભુ ! તમારા કાર્યમાં જ્યારે જરૂર પડે ત્યારે છૂટ્ટે હાથે વાપરીશું. આ સમર્પણ ! બાકી તો બધું આપણે જ વાપરવાનું છે, પણ જ્યારે જરૂર પડે ત્યારે પ્રભુના કાર્યમાં વાપરીએ. ઘરે જઈને કારોબાર તો કરવાનો છે. બહેનોએ ઘરે જઈ શાક સમારવાનું છે, રસોઈ બનાવવાની છે. પણ, ભગવાન રાજી ના થાય એવું છોડી દેવું.

આ દુનિયામાં, ભારતના બે જણનાં જીવનચરિત્ર વિચારું ત્યારે મારી આંખમાંથી આંસુ આવી જાય. એક યોગીજી મહારાજનું-રડું જ આવે એટલું બધું એમણે સહન કર્યું છે. એટલું બધું તેઓ ખમ્યા છે, છતાં આપણને અઢળક પ્રેમ આપ્યો છે. એમના બધા પ્રસંગો સાંભળો તો તમે આશ્ચર્યમાં પડી જાવ એવું તેઓ આપણા માટે જીવન જીવ્યા છે. અને બીજું; સરદાર સાહેબનું. અંદર બધું ઝેર પચાવીને એ માણસે ભારતને જે આપ્યું છે એની કોઈને કલ્પના આવે એવી નથી.

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું ત્યારે સરદાર સાહેબ નાયબ વડાપ્રધાન તરીકે નિમાયા. એમના વતનનું ગામ કરમસદ. ત્યાં નવી સ્કૂલ બંધાયેલી. કરમસદ ગામવાળાને થયું કે, આપણે આ ગામમાં વલ્લભભાઈને બોલાવીએ, તેમનું સન્માન કરીએ અને એમના હાથે સ્કૂલનું ઉદ્‌ઘાટન કરાવીએ એટલે સરદાર સાહેબને બોલાવ્યા. ઉદ્‌ઘાટનમાં આખું પ્યૉર સોનાનું તાળું અને સોનાની ચાવી રાખ્યાં અને સરદાર સાહેબ પાસે ઉદ્‌ઘાટન કરાવ્યું. ટ્રસ્ટીમંડળને એમ કે, આ સભામાં તાળાની હરાજી થશે તો તાળું લેવા માટે લાખો રૂપિયા ભેગા થશે. પણ સરદાર તો પહેરણના ખિસ્સામાં તાળું-ચાવી મૂકીને સભામાં આવી ગયા. પછી સરદાર સાહેબનું પ્રવચન આવ્યું.

જુઓ, જે ગામનો દીકરો છે, જે ગામે એમનું સન્માન કરીને સ્કૂલનું ઉદ્‌ઘાટન કરાવ્યું, તેથી બીજા કોઈ હોય તો વખાણ કરે, પણ ત્યારે સરદાર શું બોલ્યા ખબર છે ? 'કરમસદ ગામવાળાને એમ હશે કે, આ તાળાની સરદાર હરાજી કરાવશે, પણ આ તાળું હું દિલ્હી લઈ જઈ સરકારમાં જમા કરાવવાનો છું, હરાજી નથી કરાવવાનો. તમારે પૈસા જોઈતા હોય તો તમારા બળદિયાઓને શુક્રવારીમાં વેચો છો – એ બંધ કરો તો પૈસા ભેગા થશે.' સમજ પડી ? પહેલાંના વખતમાં ખેડૂતોને બળદ જોઈતા હોય તો શહેરમાં ઠેરઠેર શુક્રવારી બજાર ભરાય. બળદ વેચનારા બળદ લઈને આવે અને બળદ જોઈને એની કિંમત થાય ને પછી વેચાતો લઈ જાય. એમ, અમારા છ ગામના અને બાર ગામના બધા પટેલો લગ્નના સમયમાં છોકરાઓને લગ્નના બજારમાં મૂકે અને એની પૈઠણ લે. 'તમારા બળદિયાઓની પૈઠણ લેવાની બંધ કરો તો પૈસા ભેગા થશે' આવું કોણ કહે ? અને પટેલોને આવું કહે તો એમને તો તમ્મર ચઢી જાય. પાટીદારને જો કંઈ પણ નડતું હોય તો અહંકાર-ઈગો. યોગીબાપા કહેતા, 'અહોહો પટેલ, તમે તો સત્સંગના થાંભલા છો !' એમ કહે તો પટેલ કહેશે, 'બોલો સ્વામી શી સેવા કરું ?' અને જો એમ કહે, 'અહોહો પટેલ, તમે ડબ્બાઓ છો' તો તમારો વરો પણ બગાડે. એવા પટેલોની આગળ સરદાર સાહેબ, તમ્મર ચઢી જાય એવું બોલ્યા. પણ એમણે સાચી વાત કરી. સાચી વાત કરતાં કોઈનીય બીક ના લાગે. અને આવું કડવું ઓસડ કોણ પાય ? આપણી મા – આપણા સારા માટે પાય. એમ, આ અમારા અશ્વિનભાઈ, બધાયને કહે અને મનેય કહે.

વર્ષો પહેલાં હું 'અનુપમ'માં રહેતો હતો. મને ૧૦૨ ડિગ્રી તાવ બે દિવસ ચાલ્યો. ઘનશ્યામે જઈને અશ્વિનભાઈને કહ્યું, 'સાહેબને ૧૦૨ ડિગ્રી તાવ છે તો ડૉક્ટરને બતાવીશું ?' એટલે તેઓ કહે, 'જુઓ ભાઈ, ડૉક્ટરને બતાવવાની કાંઈ જરૂર નથી. તમે તમારા સાહેબને બે દિવસ અપવાસ કરાવો એટલે સાજા થઈ જશે.' મને અશ્વિનભાઈ માટે પ્રેમ એટલે ખોટું ના લાગે. મેં કહ્યું, 'ઘનશ્યામ, એમની વાત સો ટકા સાચી છે. ડૉક્ટર પાસે જઈશું એટલે બે-ચાર દવાઓ લખી આપશે અને એ દવાઓ ખાવા કરતાં ઉપવાસથી રોગ જાય તો સારામાં સારું. એટલે ચાલો ઉપવાસ કરી નાખીએ.' પપ્પુને પણ એમણે એક વખત કહ્યું. આમ મને ચાલવામાં વાંધો નહીં, પણ પગથિયાં ચઢવા-ઊતરવા હાથ પકડવો પડે. એટલે પપ્પુ કાયમ હાથ પકડે. અશ્વિનભાઈ પપ્પુને કહે, 'પપ્પુભાઈ, તમને તમારા સાહેબ માટે બહુ પ્રેમ છે, બહુ સારું છે, પણ એમને ખાલી એકલા ચાલવા દો, એમને પાંગળા ના બનાવી દો.' આવું કોણ કહી શકે ? એટલે આ અશ્વિનભાઈ એ આપણા છૂપા સરદાર છે. અશ્વિનભાઈની વાત જો હકારાત્મક લઈએ તો આપણું કામ થઈ જાય અને નકારાત્મક લઈએ તો સાધના લંબાઈ જાય. સ્પષ્ટ વક્તા જે છે એ સાચો સુહૃદ છે, યાદ રાખો ! અને આવો સુહૃદભાવ ભગવાનની કૃપા હોય તો સમજાય, નહીં તો એ વસ્તુ પણ નથી સમજાતી.

એક એક સાધુને તમે જુઓ તો અદ્વિતીય છે, કોઈ સામાન્ય નથી. એવા અદ્‌ભુત સાધુઓના સાંનિધ્યમાં રહીને ભગવાનને રાજી કરવાના માર્ગે ચાલવાનો આપણને ચાન્સ મળ્યો છે તે વેડફાઈ ના જાય એટલે જાગ્રતતા માટે જ સમૈયા-ઉત્સવ-શિબિરો કરીએ છીએ. તો ખાસ સંકલ્પ કરીને જજો. 'ગમે તે થાય-કરેંગે યા મરેંગે, પણ અક્ષરધામરૂપ હોકર રહેંગે.' આ દેહે કરીને અક્ષરધામરૂપ રહેવું છે. એની એક જ કિંમત ચૂકવવાની છે-નિર્દોષભાવેયુક્ત ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા કર્યા જ કરવી છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

**'ગમે તે થાય-કરેંગે યા મરેંગે,**
**પણ અક્ષરધામરૂપ હોકર રહેંગે.'**
**આ દેહે કરીને અક્ષરધામરૂપ રહેવું છે.**
**એની એક જ કિંમત ચૂકવવાની છે-**
**નિર્દોષભાવેયુક્ત ભગવાન ને**
**ભગવાનના ભક્તોની સેવા કર્યા જ કરવી.**

